
# મધ્યપૂર્વમાં ફસાયેલા તમામ ગુજરાતી યાત્રીઓ સુરક્ષિત

**એરસ્પેસ** બંધ થતા દુબઈ, અબુધાબી, ઓમાન અને બહેરીનમાં સૌથી વધુ અસર

ગાંધીનગર : મધ્ય પૂર્વમાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકાની વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. મિસાઈલ અને ડ્રોન હુમલાઓને કારણે અનેક દેશોમાં એરસ્પેસ બંધ કરી દેવામાં આવી છે અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ થતાં ફસાયેલા હજારો ભારતીયો જેમાં મોટી સંખ્યામાં ગુજરાતીઓનો સમાવેશ થાય છે તેઓ વિદેશની ધરતી પર અટવાઈ ગયા છે. પરંતુ દુબઈ અને ઈઝરાયેલમાં રહેતા ગુજરાતીઓએ પરિસ્થિતિ અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે હાલ તેઓ સુરક્ષિત છે અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરી રહ્યા છે.



## "સાયરન વાગે તો તરત બંકરમાં જઈએ છીએ"

છેલ્લા બે વર્ષથી ઈઝરાયેલમાં વસવાટ કરતા પોરબંદરના યુવાને જણાવ્યું કે પરિસ્થિતિ તંગ છે, પરંતુ નિયંત્રણમાં છે. સાયરન વાગતા જ દરેક નાગરિકને બંકરમાં જવાની સૂચના આપવામાં આવે છે અને મોબાઈલ પર ઇમરજન્સી એલર્ટ મળતાં તરત જ સુરક્ષા પગલાં લેવાય છે. તેણે પરિવારજનોને ચિંતા ન કરવા અપીલ કરી અને કહ્યું કે સરકાર તથા સુરક્ષા દળો સંપૂર્ણ સજ્જ છે. "થોડી ચિંતા છે, પરંતુ હાલ અમે સંપૂર્ણ રીતે સુરક્ષિત છીએ," એમ તેણે જણાવ્યું હતું.

## સુરતનો પરિવાર અને મહેસાણાના વેપારીઓ ફસાયા

સુરતનો ઝરીવાલા પરિવાર દુબઈમાં ફ્લાઈટ રદ થતાં હોટલમાં રોકાવા મજબૂર બન્યો છે. મહેસાણાના ત્રણ વેપારીઓ - અલ્પેશ પટેલ, યોગેશ પટેલ અને પાર્થ પટેલ - પણ વ્યવસાયિક કામે ગયેલા અને હવે પરત ફરી શકતા નથી. તેમણે સરકારને અપીલ કરી છે કે વહેલી તકે વૈકલ્પિક વ્યવસ્થા કરી સુરક્ષિત રીતે વતન પરત લાવવામાં આવે.

## ઓમાન, બહેરીન અને ઉમરા યાત્રીઓ પર અસર

ઓમાન પ્રવાસે ગયેલા અમદાવાદના 44 યાત્રિકો ફ્લાઈટ રદ થતાં ત્યાં જ રોકાયા છે. વડોદરાના 500થી વધુ લોકો ઉમરા યાત્રા દરમિયાન અટવાયા હોવાની માહિતી મળી છે. બહેરીનમાં રહેલા ગુજરાતીઓએ જણાવ્યું કે કેટલાક વિસ્તારોમાં હુમલાના અહેવાલ છે, પરંતુ તેમના રહેણાંક વિસ્તારોમાં હાલ સ્થિતિ કાબૂમાં છે અને સ્થાનિક તંત્ર સાવચેત છે.

## યુદ્ધ વચ્ચે ફસાયેલા ગુજરાતીઓની સ્થિત

» 1500થી વધુ મુસાફરોએ યાત્રા રદ કરી
» ઈઝરાયેલમાં સાયરન અને ઇમરજન્સી એલર્ટ સિસ્ટમ સક્રિય
» ઓમાનમાં અમદાવાદના 44 યાત્રિકો ફ્લાઈટ રદ થતાં અટવાયા
» વડોદરાના 500થી વધુ લોકો ઉમરાહ યાત્રા દરમિયાન વિદેશમાં રોકાયા
» અમદાવાદ એરપોર્ટ પરથી અનેક ફ્લાઈટ્સ રદ અથવા વિલંબિત
» એરપોર્ટ પર હેલ્પ ડેસ્ક શરૂ, મુસાફરોને ફ્લાઈટ સ્ટેટસ ચકાસવાની અપીલ

## અમદાવાદ એરપોર્ટ પર અસર

મધ્ય પૂર્વના એરસ્પેસ બંધ થતાં અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી અનેક ફ્લાઈટ્સ રદ અને વિલંબિત થઈ છે. ઇન્ડિગો, એર ઇન્ડિયા, એર ઇન્ડિયા એક્સપ્રેસ, સ્પાઈસજેટ અને ઇતિહાદ જેવી એરલાઇન્સે કેટલીક સેવાઓ સ્થગિત કરી છે.એરપોર્ટ પર મુસાફરો માટે હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યા છે અને મુસાફરોને ફ્લાઈટની હાલત તપાસ્યા બાદ જ એરપોર્ટ આવવાની સલાહ આપવામાં આવી છે.

## સરકાર પરિસ્થિતિ પર નજર રાખી રહી છે

કેન્દ્ર સરકાર અને વિદેશ સ્થિત ભારતીય દૂતાવાસો સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. જરૂર પડે તો વિશેષ ફ્લાઈટ અથવા અન્ય વિકલ્પો દ્વારા નાગરિકોને પરત લાવવા માટે પ્રયાસ કરવામાં આવશે તેવી માહિતી સૂત્રોએ આપી છે.યુદ્ધના માહોલ વચ્ચે પરિવારજનોમાં ચિંતા સ્વાભાવિક છે, પરંતુ વિદેશમાં રહેલા ગુજરાતીઓનો વિશ્વાસ છે કે પરિસ્થિતિ જલ્દી સામાન્ય બનશે અને તેઓ સુરક્ષિત રીતે પોતાના વતન પરત ફરી શકશે.

## દુબઈમાં 3000 જેટલા ગુજરાતી અટવાયા

ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર અંદાજે 3000 જેટલા ગુજરાતી દુબઈ અને અબુધાબીમાં અટવાયા છે. યુદ્ધની પરિસ્થિતિ બાદ 1500થી વધુ મુસાફરોએ પોતાની બુકિંગ રદ કરી દીધી છે.પાલનપુરના આશરે 20 જેટલા યુવકો રોજગાર માટે દુબઈમાં છે. તેઓએ પરિવારજનોને વિશ્વાસ અપાવ્યો કે ત્યાં જીવન સામાન્ય રીતે ચાલુ છે. છતાં ભારતમાંથી આવતા યુદ્ધના સમાચારને કારણે માતા-પિતા ચિંતામાં મુકાયા છે અને સતત વીડિયો કોલ દ્વારા સંપર્કમાં છે.

# સાળંગપુરમાં ૨૯ ઉચ્ચ શિક્ષિત યુવાનોએ સંસાર છોડ્યો

**BAPSના** વડા મહંત સ્વામીના હસ્તે નવયુવાનોએ ગ્રહણ કરી પાર્ષદી દીક્ષા



અમદાવાદ : તીર્થધામ સાળંગપુર ખાતે BAPS સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં આજે એક ભવ્ય દીક્ષા મહોત્સવ સંપન્ન થયો હતો. જેમાં ૨૯ જેટલા સુશિક્ષિત યુવાનોએ સંસારનો ત્યાગ કરી સેવા અને અધ્યાત્મના માર્ગે પ્રયાણ કર્યું હતું.

દીક્ષા ગ્રહણ કરનાર આ ૨૯ નવયુવાનો ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવે છે. જેમાં ૧ MBA, ૩ માસ્ટર્સ ડિગ્રી ધારક, ૫ એન્જિનિયર્સ, ૯ ગ્રેજ્યુએટ્સ, ૪ ડિપ્લોમા એન્જિનિયર્સ અને ૧ વકીલ (Lawyer) નો સમાવેશ થાય છે. કારકિર્દીના ઉચ્ચ શિખરે અને ભૌતિક સુખ-સગવડો ઉપલબ્ધ હોવા છતાં, માનવસેવા, સમાજ ઉન્નતિ અને આધ્યાત્મિક જીવન માટે આ યુવાનોએ પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરવાનો વિરલ સંકલ્પ કર્યો છે.

મહોત્સવનો પ્રારંભ વહેલી સવારે ૬ વાગ્યે વૈદિક મહાપૂજાથી થયો હતો. ત્યારબાદ મહંત સ્વામી મહારાજે તમામ મુમુક્ષુઓને યજ્ઞોપવીત ધારણ કરાવી હતી અને વરિષ્ઠ સદગુરુ સંતોએ નવદીક્ષિત પાર્ષદોને કંઠી, માળા, પાઘ અને ઉપવસ્ત્ર ધારણ કરાવ્યા હતા. અંતમાં ગુરુહરિએ દરેકને ગુરુમંત્ર આપી આશીર્વાદ પાઠવ્યા હતા. દીક્ષા મહોત્સવમાં દીક્ષાર્થીઓના માતા-પિતાના સમર્પણને પણ વિશેષરૂપે બિરદાવવામાં આવ્યું હતું. સંસ્થાના વરિષ્ઠ સંતો દ્વારા પિતાશ્રીઓનું અને મહિલા અગ્રણીઓ દ્વારા માતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. દીક્ષા બાદ આ નવયુવાનો હવે સાળંગપુર સ્થિત 'BAPS સંત પ્રશિક્ષણ કેન્દ્ર'માં સનાતન ધર્મના શાસ્ત્રો, સંસ્કૃત અને મેનેજમેન્ટ જેવા વિષયોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરશે. આ સંતો ચારિત્ર્યવાન, મૂલ્યનિષ્ઠ અને આધ્યાત્મિક રીતે જાગૃત એવા સમાજના નિર્માણમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપશે. ભારતીય સંસ્કૃતિની ત્યાગ-પરંપરાને જીવંત રાખતો આ મહોત્સવ હજારો હરિભક્તો માટે પ્રેરણારૂપ બની રહ્યો હતો.

# ભાવનગરમાં શિયા ખોજા સમાજે ખાઇમેનીની શોકસભા યોજી

**ત્રણ** દિવસનો શોક જાહેર, એક દિવસ સ્વૈચ્છિક ધંધા રોજગાર બંધ રાખવાની અપીલ



સુરત : ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ સૈયદ અલી ખામેનાની તથા તેમની સાથે અન્ય લોકોના થયેલ મોતને લઈ ભાવનગર ખોજા શિયા સમાજ દ્વારા શહેરના આંબાચોક ખોજા મસ્જિદ ખાતે મોટી સંખ્યામાં લોકો શોકસભા જોડાયા હતા, અને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

ખોજા સમાજ દ્વારા એક દિવસ માટે સ્વૈચ્છિક ધંધા રોજગાર બંધ રાખવા માટે સમાજના લોકોને અપીલ કરવામાં આવી છે, અને ખોજા સમાજના પરિવારજનો પણ પોતાના ઘરમાં પોતાન સ્વજન મૃત્યુ પામ્યા હોઈ તે રીતે 3 દિવસ માટે શોક મનાવશે. આ અંગે ભાવનગર ખોજા શિયા સમાજના પ્રમુખ સુલતાન ગભરાણીએ જણાવ્યું હતું કે, આજરોજ અમે લોકો અમારા મૌલાના અને પ્રેરણાસ્ત્રોત હતા એવા ઈરાનના મોલાના અયાતુલ્લાહ સૈયદ અલી ખામેની જે રીતે શહીદ થયા છે.તેમને શ્રદ્ધાંજલિ પાઠવવા માટે અમે લોકો એકઠા થયા હતા. સાથે એમની ફેમેલી મેમ્બર હતા, એમના સાથીઓ હતા, એમને પણ શહીદ કરવામાં આવ્યા હતા, એટલે એમને શ્રદ્ધાંજલિ પાઠવવા માટે આવ્યા હતા. આ ઉપરાંત ત્યાં એક સ્કૂલ હતી, જે દીકરીઓની સ્કૂલ હતી, તેમાં 40 થી 50 નિર્દોષ દીકરીઓ મૃત્યુ પામી છે, એમને પણ શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી છે.

અમે શાંતિપૂર્ણ રીતે ખોજા અને શિયા સમાજે શ્રદ્ધાંજલિ પાઠવી છે. સાથે સાથે ઊંડા શોકની લાગણી અનુભવીએ છીએ. અને આ સિવાય અમારા સમાજની અંદર ત્રણ દિવસ સુધી શોક જાહેર કર્યો છે, જેમાં અમે એવી રીતે શોક મનાવશું જેમ કે અમારા ઘરનું કોઈ સભ્યો અમારાથી કાયમ માટે ચાલ્યું ગયું હોય, મૃત્યુ પામી હોય, અને જે રીતે ખાવું પીવું રહેવું કપડાં પહેરવા આ દરેક રીતે અમે લોકો શ્રદ્ધાંજલિ પાઠવીશું, અને સાથે સાથે એક દિવસ પૂરતું અમે સ્વૈચ્છિક વોલેન્ટ્રી અમારા સમાજના અપીલ કરી છે કે ધંધા રોજગાર બંધ રાખીશું, અને અમારા પ્રેરણા સ્તોત્ર મોલાના ખામેનાનીને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

### ચેતજો, ઉનાળાની ગરમીમાં ઠંડક કરવાની લ્હાયમાં રોગી બની જશો

# દૂધ અને આઈસ્ક્રીમમાં ભેળસેળ, 9 નમુના ફેઈલ

**ગરમી** વધતાં લોકો આઈસ્ક્રીમ અને ઠંડા પીણા તરફ વળ્યા તો આરોગ્ય વિભાગે ચેકિંગ સઘન કર્યું

સુરતઃ સુરતમાં ગરમીની શરૂઆત થતા જ બજારમાં આઈસ્ક્રીમ અને દૂધની માંગમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. ગરમી વધતા જ લોકો આઈસ્ક્રીમ વધુ ખાતા હોવાથી, ફૂડ વિભાગ દ્વારા આઈસ્ક્રીમના નમુના લેવામાં આવ્યા હતા. વધતી માંગ વચ્ચે લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા વિવિધ સંસ્થાઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન લેવામાં આવેલા નમૂનાઓ પૈકી આઈસ્ક્રીમ અને દૂધના કુલ 9 નમૂના ધોરણો મુજબના ન હોવાનું બહાર આવ્યું છે.

## પાર્લેપોંઇન્ટની સિદ્ધિ અને નાનપુરાની ભાગ્યલક્ષ્મીના દૂધમાં ફેટ ઓછું

1. સિધ્ધિ આઇસ્ક્રીમ, પાર્લે પોઇન્ટ ખાતેથી લેવાયેલા કાજુ દ્રાક્ષ આઈસ્ક્રીમનો નમૂનો મિલ્કફેટનું પ્રમાણ ઓછું
2. શ્રીનાથ દૂધ ડેરી, સીંગણપોર રોડના દૂધમાં મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું મળ્યું.
3. શ્રી કૃષ્ણા ડેરી, બમરોલીના દૂધમાં મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું હોવાથી સબસ્ટાન્ડર્ડ જાહેર
4. એ વન ડેરી, ઉનના ગાયના દૂધમાં મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું
5. માં ચામુંડા ડેરી, ઉનના ગાયના દૂધમાંમિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું
6. શ્રી ભાગ્ય લક્ષ્મી ડેરી, નાનપુરા ખાતેથી લેવાયેલા ગાયના દૂધનો નમૂનો મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું હોવાથી સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે.
7. એસ.કે.પટેલ ડેરી, પાંડેસરા ખાતેથી લેવાયેલા ગાયના દૂધનો નમૂનો મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું હોવાથી સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે.
8. ઉધના ખાતેના એક તબેલામાંથી લેવાયેલા ગાયના દૂધનો નમૂનો મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું હોવાથી સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે.
9. રાધે દૂધ મંડળી, અબ્રામા રોડ ખાતેથી લેવાયેલ ભેંસના દૂધનો નમૂનો મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું હોવાથી સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે.

# રાજ્યમાં ગરમીનો પારો ગરમાયો, 3 દિવસમાં 3થી 5 ડિગ્રી હજુ વધશે

**લઘુત્તમ** તાપમાનમાં પણ આગામી 48 કલાક દરમિયાન 2થી 3 ડિગ્રી સુધી વધારો થવાની સંભાવના

ગાંધીનગરઃ હવામાન વિભાગના અનુમાન મુજબ ગુજરાતમાં આગામી ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 3થી 5 ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો નોંધાઈ શકે છે. ત્યારબાદ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. લઘુત્તમ તાપમાનમાં પણ આગામી 48 કલાક દરમિયાન 2થી 3 ડિગ્રી સુધી વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને 4થી 6 માર્ચ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠા વિસ્તાર અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમ અને ભેજવાળું (હોટ એન્ડ હ્યુમિડ) વાતાવરણ રહેવાની શક્યતા હોવાથી અસ્વસ્થતા જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે.રાજ્યમાં આજે ડીસામાં 36 ડિ.સે. ગરમી નોંધાવવા પામી છે.

હવામાન વિભાગના સત્તાવાર આંકડા મુજબ રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 30 ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયું છે. ભૂજમાં 35 ડિગ્રી, નલિયામાં 30 ડિગ્રી (લઘુત્તમ 17 ડિગ્રી), કંડલા પોર્ટ પર 33 ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર 34 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં 33 ડિગ્રી, પોરબંદરમાં 30 ડિગ્રી, રાજકોટમાં 35 ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં 33 ડિગ્રી તાપમાન રહ્યું હતું. મહુવામાં 31 ડિગ્રી અને કેશોદમાં 33 ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં 34 ડિગ્રી અને ડીસામાં 36 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. ગાંધીનગરમાં 33 ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં 32 ડિગ્રી, વડોદરામાં 33 ડિગ્રી, સુરતમાં 33 ડિગ્રી અને દમણમાં 31 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૨ | ૭ | | ૪ | ૬ | ૩ |
| | ૬ | ૮ | | ૩ | ૯ | | ૫ | |
| | ૩ | ૨ | ૪ | | ૫ | ૯ | | ૮ |
| ૮ | | | ૩ | | | ૭ | ૯ | ૧ |
| | ૭ | ૯ | | ૧ | | ૮ | | |
| ૨ | | ૩ | ૮ | ૯ | | | ૪ | |
| ૧ | | ૬ | ૭ | ૪ | ૩ | ૫ | ૮ | |
| | | | | ૫ | | | ૨ | |
| ૩ | ૪ | | ૯ | ૮ | | ૧ | ૭ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કોલેસ્ટ્રોલ અનિયમિત હોય

અતિ સર્વત્ર વર્જિત છે. હકીકતમાં કોલેસ્ટ્રોલ શરીર માટે ખૂબ અગત્યનું ઘટક છે. ત્વચાની સુંદરતા, વિટામિન ડી, મગજની કાર્યક્ષમતા મા કોલેસ્ટ્રોલ અગત્યનું છે. એની હાજરી અને કાર્ય નિયમિત કરવા યોગ્ય માત્રામાં ખોરાક માં લો. સાથે લસણ નું સેવન કરવું. Roj રાત્રે લસણ ની સાત થી દશ કળી છોલી, ઉભી કાપી એક ગ્લાસ પાણીમાં રાખી ઢાંકી દો. સવારે લસણ ગળી જઈને ઉપર એનું પાણી પીવું.

## રાજ્યની જીએસટી આવકમાં ફેબ્રુઆરીમાં ૧૯%નો નોંધપાત્ર વધારો

ગાંધીનગર : રાજ્યને જીએસટી હેઠળ ફેબ્રુઆરી-૨૦૨૬ દરમિયાન ૭,૫૯૮ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષની સમાન અવધિ દરમિયાન મળેલ રૂ. ૬,૩૯૬ કરોડની આવકની સરખામણીએ ૧૯ ટકા વધુ છે. ફેબ્રુઆરી-૨૦૨૬માં રાષ્ટ્રીય સ્તરે જીએસટી આવકમાં ૮ ટકા વૃદ્ધિ નોંધાઈ છે, જ્યારે રાજ્યએ રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ, ૧૯ ટકાનો વૃદ્ધિ દર નોંધાવ્યો છે. ફેબ્રુઆરી-૨૦૨૬ દરમિયાન વેટ હેઠળ રૂ. ૨,૮૩૧ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂ. ૯૦૫ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂ. ૨૩ કરોડની આવક થઈ છે. આ રીતે રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા મળીને કુલ રૂ. ૧૧,૩૫૮ કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

# શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી ૫૧,૦૦૦ કિલો સપ્તરંગોથી રંગાયા

**દાદાને** વૃંદાવનમાં તૈયાર કરાયેલા આકર્ષક એમ્બ્રોઇડરી વર્કવાળા વાઘા અર્પણ

ગાંધીનગરઃ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે હોળી પર્વ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ દાદાનો ભવ્ય અને દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. આજે આ વિશેષ શોભાયમાન આયોજન સંપન્ન થયું હતું. વહેલી સવારે ૦૫:૪૫ કલાકે પૂજારી સ્વામી દ્વારા શણગાર આરતી ઉતારવામાં આવી હતી. દાદાને વૃંદાવનમાં તૈયાર કરાયેલા આકર્ષક એમ્બ્રોઇડરી વર્કવાળા વાઘા અર્પણ કરવામાં આવ્યા હતા. સાથે જ દાદાના સિંહાસનને ગુલાબના સુગંધિત ફૂલોથી અને રંગબેરંગી કાપડોથી અલૌકિક શોભા આપવામાં આવી હતી.


હોળીના ઉમંગને વ્યક્ત કરતાં દાદાને રંગો અને પીચકારીઓ પણ ધારણ કરાવવામાં આવી હતી. મંદિર તથા સમગ્ર પરિસરને રંગીન ફૂલો અને કાપડોથી વિશેષ રીતે સજાવવામાં આવ્યું હતું. આ અનોખા શણગાર અને આરતીના દર્શનનો લાભ હજારો હરિભક્તોએ લઈ આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરી હતી. હોળી-ધુળેટી પર્વ નિમિત્તે તા. આવતીકાલે ૩ માર્ચ ૨૦૨૬ના રોજ પૂર્ણિમાના દિવસે ગુજરાતના સૌથી મોટા રંગોત્સવ તરીકે જાણીતા ભવ્ય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

## અમદાવાદમાં હોળીની પરિક્રમા કરી CMએ રાજ્યની સુખાકારીની પ્રાર્થના કરી

અમદાવાદઃ સીએમ ભૂપેન્દ્ર પટેલએ હોળીના પવિત્ર પર્વ નિમિત્તે અમદાવાદના મેમનગર વિસ્તારમાં આયોજિત હોળી દર્શન કાર્યક્રમમાં પ્રત્યક્ષ સહભાગી થઈ નાગરિકો સાથે હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરી હતી. મેમનગર સ્થિત માનવમંદિર ખાતે આ વર્ષે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતી 'વૈદિક હોળી' પ્રગટાવવામાં આવી હતી. મુખ્યમંત્રીએ પરંપરાગત હોળી પૂજન વિધિમાં શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો અને હોળીના દર્શન-પરિક્રમા કરી રાજ્યના નાગરિકોની સુખાકારી, સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે હોળીનું પવિત્ર પર્વ અસત્ય પર સત્યના વિજયનું અને રંગોનું પર્વ છે.

## શબ્દગુંફન - ૭૧૮૧

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. એક ખુશબોવાળું ફૂલઝાડ (૩)
૩. રાક્ષસ, અસુર (૩)
૫. એક નદી (૨)
૬. આંખની કીકી (૩)
૭. એકનું એક વારંવાર કહેવું તે (૩)
૯. હાથી (૨)
૧૦. એક તંતુવાદ્ય (૨)
૧૨. તંતુ, દોર(૨)
૧૩. કિંમત (૨)
૧૪. સોના-ચાંદીના તાર ખેંચવાનું સાધન (૪)
૧૬. ડગલુ, પગલું (૩)
૧૮. નસ, રક્તવાહિની (૨)
૨૦. આનંદ (૨)
૨૧. ચળકતું, જાહેર (૩)
૨૩. વાંદરું (૨)
૨૮. સૂર્ય (૩)
૩૦. જન્મારો (૩)
૩૨.રૂપાનું (૩)
૩૪. સીતા ઔર (૨)
૩૫. ઝટ, એકદમ (૩)
૩૬. પર્વત (૨)

**ઊભી ચાવી**
૧. આકાશ (૨)
૨. દેવુ, ઋણ (૩)
૩. દાન આપનાર (૪)
૪. ટેક, આબરૂ (૨)
૫. કુસ્તીબાજ (૨)
૮. નવાઈ (૩)
૯. લીન, ડૂબેલું (૩)
૧૧. એક ખાવાની વાની (૨)
૧૩.શ્વાસ (૨)
૧૪. દુનિયા (૨)
૧૫. ઝરૂખો (૩)
૧૭. દબાવવું-પીડવું તે (૩)
૧૮. સહેજ (૨)
૧૯. કંટાળેલું (૨)
૨૦. એક પક્ષી (૨)
૨૧. રોપેલું ૯૩)
૨૨. નમ્રતા, નરમાશ (૫)
૨૪. બીડવું-બંધ કરવું (૩)
૨૫. આપવું તે (૨)
૨૭. દિવસ૯૨)
૨૯. ચોકિયાત (૨)
૩૦. લખવાનું કે (૨)
૩૧. આભિપ્રાય (૨)
૩૨. લીન, ડૂબેલું (૨)
૩૩. શરીર (૨)



## આજનું પંચાંગ

**તા. 03/03/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિઃ** સુદઃ પૂનમ:17:09 ધૂળેટી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 12
**નક્ષત્ર :** મઘા : 07:32 પછી પૂ.ફા.
**યોગ :** સુકર્મા **કરણઃ** બાવલ
**રાશિઃ** સિંહ (મ.ટ.)
**દિવસ :** અશુભ હોળાષ્ટક સમાપ્ત: 17:09 થી અભ્યંગ સ્નાન, કરિદિન-ખગ્રાસ ચંદ્રગ્રહણ- ભારતમાં દેખાશે.
**સુરતમાં સૂર્યોદય :** 06:59 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:42
**નવકારસી :** 07:47
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 21મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 13મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ,
**રાહુ કાળઃ** બપોરે 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વિદ્યાર્થીઓ માટે અનુકૂળ દિવસ મનોરંજન કે નોકરી ધંધાર્થે-પ્રવાસ અનુકૂળ રહે. રચનાત્મક કાર્ય સફળ રહેશે.

**વૃષભ (બ,વ,ઉ,):** આરોગ્યનું ધ્યાન રાખવું. ઘરમાં અશાંતિ રહે. સંતાન અને મકાનને લગતા પ્રશ્નો સતાવશે.

**મિથુન (ક,છ,ઘ,):** મહેનતનું ફળ મળે. પ્રવાસનાં કામ થાય. નોકરીમાં નવી તક ઊભી થાય. ઇચ્છિત કામમાં સફળતા મળે.

**કર્ક (ડ,હ,):** આળસકામમાં વિલંબ કરશે. ઘરમાં અવરજવર વધશે. અચાનક ઉત્સાહજનક સમાચાર મળે. આવક વધે.

**સિંહ (મ,ટ,):** પ્રવાસમાં મિલન-મુલાકાત થાય પ્રવાસનો હેતુ પાર પડશે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. ખર્ચા વધારો.

**કન્યા (પ,ઠ,ણ,):** કોઇ પર આંધળો વિશ્વાસ મુકવો નહી મન અશાંત રહે. વિદ્યાર્થીઓને મદદ મળે. આવક વધે.

**તુલા (ર,ત,):** તમારી વ્યવહાર કુશળતાથી સમસ્યાનું સમાધાન થાય. ઉપરી વર્ગનો સાથ મળે. નોકરીમાં નવી તક મળે.

**વૃશ્ચિક (ન,ય,):** સતસંગ ધર્મકર્મ થાય અછાનક નવી તક મળે.આળસથી બચવું આરોગ્ય સાચવવું. રચનાત્મક કામ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સતસંગ ધર્મ-કર્મ થાય. અચાનક નવી તક મળે. આવળશથી બચવું આરોગ્ય સાચવવું. રચનાત્મક કામ થાય.

**મકર (ખ,જ,):** વાહન અને મશીન સાથેના કામમાં સાવધાન રહેવું.આગ અસ્માત ચોર લુટારુનો ભય રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીમાં ધીરજ રાખવી. લેવડદેવડથી બચવું ઉપરી વર્ગ સાથે ઘર્ષણ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** પ્રેમમાં સાથ મળે. કાયદાકીય મદદ મળે વિદ્યાર્થીઓની મહેનત ફળ શેર બજારનો કામ થાય.

## કોઈ પણ સાલમાં 03 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં નવી ટેકનોલોજીનો લાભ મળે. નવા લોકો અને વાતાવરણમાં કામ કરવાનો મોકા મળે. સમાજમાં માન વધે.આર્થિક પ્રગતિ ઉઘરાણી થી નવા રોકાણ સરળ બને. અરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનનો યોગ થાય, વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે.ઉંમરલાયકના વિવાહ થાય. વારસા જાયદાદ જમીન જેવા કામમાં ગતિ આવે. આવક વધારવાની યોજનામાં મિત્રો-વડીલોનો સાથ મળે. નોકરી-ધંધા વગેરેમાં હરીફોની હેરાનગતિ સતાવશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. ફેબ્રુઆરી માર્ચ નવેમ્બર ડિસેમ્બ્ર ગુરુ શુક્રવાર 3, 12, 21, 30 તારીખ અને સોનેરી રંગ અનુકુળતા વાળા રહેશે. જૂન જુલાઈ અને બુધ રવિવાર 2,11, 20, 29 તારીખ તથા લાલ-ભુરો રંગ પ્રતિકુળતાવાળા રહેશે.

## ગુજરાત મહેસૂલ પંચમાં ઉનાળું વેકેશન જાહેર

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટના નોટિફિકેશન અને મહેસૂલ વિભાગના નિયમોને ધ્યાને રાખીને આગામી તા. ૧૧ મેથી ૭ જૂન, ૨૦૨૬ દરમિયાન ઉનાળું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે, તેવું અમદાવાદની ગુજરાત મહેસૂલ પંચએ જણાવ્યું હતું. ગુજરાત મહેસૂલ પંચ આ વેકેશન દરમિયાન અરજન્ટ હિયરિંગના કેસો જે કામચલાઉ મનાઈ હુકમવાળા તથા જે કેસોમાં વેકેશન પહેલા બંને પક્ષકારોએ સંમતિ આપી હોય અને તે સંમતિ પંચ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવી હોય તેવા કેસો સિવાયની સુનાવણીની કોઈ કામગીરી હાથ ધરવામાં આવશે નહીં. વધુમાં,આ વેકેશન દરમિયાન ગુજરાત મહેસૂલ પંચની કચેરીના કામકાજનો સમય રજાના દિવસો સિવાય સવારે ૧૦:૩૦ કલાકથી સાંજે ૬:૧૦ કલાક સુધીનો રહેશે. આ સમય દરમિયાન અપીલ કે રિવિઝન અરજીઓ વગેરે સ્વીકારવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી અરજદારોને કોઈ મુશ્કેલી ન પડે.

# સૌરાષ્ટ્રના દરિયાકાંઠે નશાની હેરાફેરી ગંભીર

**વધતા** સાયબર ફ્રોડ અને દરિયાકાંઠે ડ્રગ્સ કેસો પર ડીજીપીની કડક સૂચના, "1930 પર તાત્કાલિક ફરિયાદ કરો"

**રાજકોટમાં** સૌરાષ્ટ્ર રિજનની પોલીસની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગરઃ રાજકોટમાં રવિવારે સૌરાષ્ટ્ર રિજનની મહત્વપૂર્ણ ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. રાજ્યના પોલીસ વડા કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર રેન્જના આઈજી, રાજકોટ પોલીસ કમિશનર, વિવિધ જિલ્લાઓના એસપી, એએસપી, ડીસીપી સહિતના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન વધતા સાયબર ગુનાઓ અને દરિયાકાંઠે ઝડપાતા ડ્રગ્સના કેસો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને કડક કાર્યવાહી માટે સૂચનાઓ આપવામાં આવી હતી.

ડીજીપી રાવે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રના દરિયાકાંઠે સતત ઝડપાતા નશીલા પદાર્થોના કેસો ગંભીર બાબત છે. આ દિશામાં વધુ સઘન તપાસ, ઈન્ટેલિજન્સ મોનિટરિંગ અને સંકલિત ઓપરેશન હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ડ્રગ્સ નેટવર્કને તોડી પાડવા માટે દરિયાઈ માર્ગોની કડક દેખરેખ જરૂરી છે.

## સાયબર ફ્રોડમાં "ગોલ્ડન અવર્સ" સૌથી મહત્વપૂર્ણ

રાજ્યમાં વધતા સાયબર ફ્રોડ અંગે ડીજીપી રાવે નાગરિકોને ખાસ ચેતવણી આપી. તેમણે કહ્યું કે આવા કેસોમાં "ગોલ્ડન અવર્સ" અત્યંત મહત્વના હોય છે. શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થાય તો તરત જ 1930 હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવો. સમયસર ફરિયાદ કરવાથી ખાતું ફ્રીઝ કરી રકમ રોકી શકાય છે, મોડું ફરિયાદ કરવાથી રિકવરી મુશ્કેલ બની જાય છે. તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં સાયબર ફ્રોડના કેસોમાં અંદાજે રૂ. 50 કરોડથી વધુ રકમ પીડિતોને પરત અપાઈ છે. ડીજીપી રાવે નાગરિકોને અપીલ કરી હતી કે લોન, ઇન્વેસ્ટમેન્ટ અથવા અન્ય ઓનલાઈન ઓફરોમાં ફસાતા પહેલા સંપૂર્ણ ચકાસણી કરે. શંકાસ્પદ કોલ, લિંક અથવા મેસેજથી દૂર રહે અને સાયબર ગુનાની શંકા થાય તો તરત જ સત્તાવાર હેલ્પલાઈનનો સંપર્ક કરે.સૌરાષ્ટ્ર રિજનની આ ક્રાઈમ કોન્ફરન્સમાં કાયદો-વ્યવસ્થા મજબૂત બનાવવા અને સાયબર તથા ડ્રગ્સ ગુનાઓ સામે કડક અભિગમ અપનાવવાનો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો હતો.